## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કલાકો કૂટી ખરલમાં, ક્ષણોનો ભૂકો કરું છું,*
*સંસ્મરણો વાગોળી મગજનો ડ્યૂરો ચરું છું*
*રહ્યો નથી હવે 'યાદગાર' સમયનો સમય!*
*સૂકાઈ તો ગયાં છે આંસુ, માત્ર ડૂસકાં ભરું છું*

### હાઈકુ

*છૂપો ઘાત છે -*
*કાળના પ્રત્યાઘાત -*
*લાગે આઘાત!*

*પંપાળ્યું પ્રેમે*
*પ્રાણી માતેલું થઈ -*
*ભરાવે શીંગ !*

### ચિંતન

*મૂર્ખચિહ્નાનિ ષડિતિ ગર્વો દુર્વચનં મુખે ।*
*વિરોધી વિષવાદી ચકૃત્યાકૃત્યં ન મન્યતે ।*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

મૂરખની છ નિશાનીઓ છે : અભિમાન, મોટે ખરાબ વાણી, વિરોધ કરો, ઝેરી બોલવું, કરવા જેવાનો વિચાર ન કરવો અને ન કરવા જેવાનો વિચાર કરવો.

અહીંયા અભિમાન અથવા ગર્વિષ્ઠ માણસને મૂરખ કર્યો છે. મૂરખનાં મોંમાં ખરાબ વાણી જ રહેતી હોય છે. સામાની વાતનો વગર સમજે વિરોધ કરે તે મૂરખ છે. મૂરખને ઈર્ષ્યાનું ઝેર ચઢે છે. અને તે ઝેરી વાણી બોલે છે. શાણપણના અભાવે મૂર્ખ કરવાં જેવા કાર્યો કયા છે. તેનો વિચાર કરતો નથી અને તે ન કરવા જેવા કાર્યનો વિચાર કરે છે. અંતે તે પોતાનું અહિત કરે છે.

નમ્રતા કેળવવી, અભિમાન ન કરવું, ખરાબ વાણી ન બોલવી, પણ સારી વાણી બોલવી. વગર વિચાર્યે મિથ્યાભિમાનથી સામાનો વિરોધ ન કરવો, ઈર્ષા કરી ઝેર ભરી વાણી ન બોલવી. સારા-નરસાનો વિચાર કરી કાર્ય કરવું.આ સુભાષિતમાં સમજાવવાનો પ્રયાસ કરાયો છે.

### સુવિચાર

- કોઈ ધર્મ બંધન નથી શીખવતો, દરેક ધર્મ મુક્તિ શીખવે છે, આપણે તો મુક્તિ ને જ બંધનમાં બાંધી લીધી છે, યુક્તિઓ વધવા માંડે ત્યારે મુક્તિ મુરઝાઈ જાય છે - **ક્રિશ્નકાંડ ઉનડકટ**
- દુઃખો મટે ત્યારે શાંતિ આવે એમ નથી.
  શાંતિ આવી જાય તો દુઃખ એની મેળે નીકળી જાય - **મોરારિ બાપુ**
- જે મનનું અતિભ્રમણ કરે છે તે બ્રહ્મ બની જાય છે - **ઓશો**
- શરીરને સ્વસ્થ એટલે કે પવિત્ર કરવાથી મંદિરમાં પ્રવેશે મળે છે,
  પરંતુ મનને પવિત્ર કરવાથી મૂર્તિમાં પ્રવેશ મળે છે -**બોધિવૃક્ષ**
- દૂષણ છોડો, ભૂષણ ધારણ કરો - **માનસસૂત્ર**
- નિર્દોષતા જીવનનો આધાર છે અને દોષ જીવનનો વિકાર છે,
  આહાર લો, વિકાર છોડો - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : શતાવરી ઉમેરી દૂધ ઉકાળવું અને તેમાં મધ ઉમેરી નવશેકું ગરમ સવાર-સાંજ પીવાથી શરીરમાં બળતરામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત જલાલુદ્દીન રાજયના બાદશાહને મળવા મહેલમાં ગયા. એમના શિષ્યોને વાતની જાણ થઈ. તેમને સંતને પૂછ્યું, 'આપણા કુરાનમાં લખેલું છે કે ફકીરે રાજા કે ધનવાનના ઘરમાં જ ન જવું જોઈએ.' સંત જલાલુદ્દીને સમજાવતાં કહ્યું, 'હું તેમની પાસે જાઉં કે તેઓ મારી પાસે આવે વાત તો એક જ છે ને? આપણા બાદશાહની સોબત કરું તો તેમને જરૂરી સલાહ સૂચન આપું છું. જેના આધારે તેમના જીવનમાં સદાચાર, સહિષ્ણુતા અને માનવતા વધે. હું ત્યાં જઈ આવ્યો તો કોઈક દિવસ તેઓ પણ મને મળવા અહીં આવશે. અને વાત કરી કુરાનના નિયમોની, તો વિધાનનો મતલબ એ છે કે ફકીરે અમીર પાસે એટલા માટે ન જવું જોઈએ કે ત્યાંની મોજ-મજાની વસ્તુઓને જોઈને લોભમાં કે મોહમાં ન પડે. ફકીરની સોબત તો રાજાને પ્રમાણિકતાનો રસ્તો બતાવી શકો છે. હંમેશા ખુશામતિયા દરબારીઓથી ઘેરાયેલા બાદશાહ મારી સાથે એકાંતમાં બેસી ધર્મ ચર્ચા કરે તો એમનું જીવન ધાર્મિક બને એટલે આવી તક મેં ઝડપી લીધી હતી.' સાર એ છે કે ઉચ્ચ સ્થાને બિરાજેલા વ્યક્તિના લેવાયેલા ઉત્તમ અને સમાજઉપયોગી નિર્ણયથી સમગ્ર રાજય કે દેશને લાભ થાય. એમની સોબતમાં ધર્મગરુએ કરેલા સૂચનો કે સલાહથી સમાજનું ભલું થાય તો એ પણ એક મોટી સામાજિક જવાબદારીનું વહન છે.

# હજુ પણ વર્ણભેદ યથાવત

**તંત્રીસ્થાનેથી...**

ભારતનું રાજબંધરાણ તમામ નાગરિકોને લિંગ, જાતિ કે ધર્મ સંપ્રદાયના ભેદભાવ વગર સમાન અધિકારો આપે છે. પરંતુ પરંપરાથી ચાલી આવતી વર્ણવ્યવસ્થાના જૂના ખ્યાલો આજની તારીખે પણ કેટલાક અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં અકબંધ રહ્યા છે. ફરક જરૂર પડ્યો છે, પરંતુ ઊંચ-નીચ વાળી માનસિકતા બદલાઈ નથી. થોડા દિવસ અગાઉ અરવલ્લી જિલ્લાના મોડાસા નજીકના નાંદીસણ ગામની ઘટના એની સાહેદી પૂરે છે. સામંતશાહીના રજવાડી ખ્યાલોમાં રાચતા ક્ષત્રિય પિતા-પુત્રએ દલિત સમાજની કન્યાનો વરઘોડો અટકાવ્યો અને માથે સાફો બાંધનાર એના ભાઈ સાથે તકરાર કરી. સાફો બાંધવાનો હક ફક્ત દરબારોને છે એવી વાહિયાત દલીલ સામે દલિત સમાજના આગેવાનોની આજીજી ન ચાલી. આખરે સાફો બાંધનાર દલિત યુવકને માર પડ્યો. પોલીસ બોલાવીને વરઘોડો ઘરે પહોંચાડવામાં આવ્યો. ઘોડા પર બેઠેલી કન્યાને નીચે ઉતારી ચાલતી ઘરે પહોંચડવાની ફરજ પાડનાર ક્ષત્રિય આગેવાન પિતાપુત્રની જોડીને પોલીસે વિધિસર કાર્યવાહી કરી અટકમાં લીધા. આટલી હિંમત દલિત પરિવાર કરી શક્યો કારણ કે એ શિક્ષિત હતો અને સાફો બાંધનાર યુવક પોલીસની નોકરી કરતો હતો. અંતરિયાળ વિસ્તારોમાં હજી પણ આવી ઘટનાઓ બનતી રહે છે. દલાઈ ચંપાઈને જીવવા ટવાયેલ દલિત સમાજ પરંપરાગત વર્ણવ્યવસ્થાની લક્ષ્મણરેખા ઓળંગવાની ભાગ્યે જ હિંમત કરે છે. જો કોઈ એવી હિંમત કરી બેસે તો એને જાહેરમાં અપમાનિત થવું પડે છે. આ ઊંચનીચ વાળી માનસિકતાને બંધારણ બદલી શક્યું નથી. દલિત સમાજ ભણીગણીને આગળ આવ્યો છે, એ સમાજમાંથી દેશને શિક્ષકો, વકીલો, તબીબો અને કારકૂનોથી લઈ આઈએએસ અને આઈપીએસ કક્ષાના અધિકારીઓ મળેલ છે. અનામત બેઠકો પર ચૂંટાઈને દલિત અગ્રણીઓ ધારાસભ્ય અને સંસદ સભ્ય બનતા રહ્યા છે. એમનું પ્રતિનિધિત્વ જાળવવા કેન્દ્ર અને રાજય સરકારોમાં એકાદ-બે મંત્રીપદાં પણ અપાતાં રહે છે. સરકારી સ્તરે અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે સમાજ કલ્યાણ વિભાગ રાખવામાં આવે છે અને કાયદાનું રક્ષણ આપતી કેટલીક કલમો અન્વયે એમના પર થતા અત્યાચાર સામે કડક કાર્યવાહીની વ્યવસ્થા પણ છે. તેમ છતાં, યુગોથી ચાલી આવતી સવર્ણ-અવર્ણની જનમાનસમાં રૂઢ થઈ ગયેલી માનસિકતા ભૂંસાઈ નથી તે એક કઠોર વાસ્તવ છે. બાબાસાહેબ આંબેડકરે બહુ જ વ્યથિત થઈને ધર્મ પરિવર્તનનો વિકલ્પ સ્વીકાર્યો હતો. હિંદુ ધર્મ અનેક બાબતોમાં ચડિયાતો હોઈ શકે, પરંતુ એમાં પરંપરાગત વર્ણાશ્રમ વ્યવસ્થાનો વિકૃત અમલ કરી માણસ માણસ વચ્ચે ભેદભાવ કરાયો છે તે સર્વથા અયોગ્ય છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી માટે દેશની આઝાદી કરતાં પણ અસ્પૃશ્યતા નિવારણ એ વધુ મહત્ત્વનો મુદ્દો હતો. સાબરમતી આશ્રમમાં હરિજન કુટુંબને વસાવી એમને તત્કાલીન સર્વણ હિંદુ સમાજનો ખોફ વહોરી લીધો હતો. કાલાન્તરે શહેરીકરણ અને ગ્લોબલાઈઝેશનને લીધે એ પરિસ્થિતિ જરૂર બદલાઈ છે, પરંતુ ગાંધીજી કહેતા એમ ભારતનો આત્મા જો ગામડાંમાં વસતો હોય તો ત્યાં હજી પરિસ્થિતિમાં ઝાઝો ફરક નથી પડ્યો તેની નાંદીસણ ગામની આ ઘટના સાહેદી પૂરે છે. હિંદુત્વના મુદ્દે કોંગ્રેસને નામશેષ કરી ગ્રામ્ય સ્તરની પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધી જય જયકાર હાંસલ કરનાર ભારતીય જનતા પાર્ટીની હવે આ મુદ્દે વિશેષ જવાબદારી બને છે. એની સામે દલિત-વંચિત વિરોધી માનસિકતાના આરોપો થતા રહ્યા છે. હિંદુ સમાજના એક અભિન્ન અંગને આપણને કયાં સુધી લકવાયેલી હાલતમાં રાખી શકીશું તે સવાલ ક્યારેક ગાંધીજીના હૈયે ઝબકેલો એમ વર્તમાન નેતાગીરીના હૈયે પણ જાગવો જરૂરી છે.

# વસંત વનમાં નહી, માણસના મનમાં વસે છે!

**આરપાર**
**રાઘવજી માધડ**

વસંતઋતુમાં એક કોયલ ટહુકી ને શિકારીએ તેનો શિકાર કર્યો.બીજા વરસે પણ એવું બન્યું. ત્યારે કોઈ વટેમાર્ગુએ કહ્યું : 'ભાઈ,વસંત આવશે ને કોયલ ટહુકશે. તું કેટલીવાર કોયલના શિકાર કરીશ!' પછીથી શિકારી શિકારના બદલે કોયલના ટહુકા સાંભળવા લાગ્યો હતો.આ છે વસંતનો પ્રતાપ,પ્રભાવને સ્વભાવ !

વસંતના ચારેબાજુ વધામણાં થઈ રહ્યા છે. આપણે પણ પ્રકૃત્તિના પ્રેમાળ પદરવને અંતરના દ્વારેથી વધાવીએ. કોરોનાના કપરા કાળ પછી વસંત વહાલી લાગે તે સ્વાભાવિક છે. વસંતના આગમનથી તરુવરમાં થતો સ્નેહાળ સળવળાટ તન મનને તરબતર કરી દેનારો છે. વસંત વનમાં જ નહીં માણસના મનમાં પણ વસે છે. જીવનમાં બધું સમજવા માટે નથી હતું, ઘણું સ્વીકારવા માટે પણ હોય છે.

આ વખતે,છેલ્લા ઘણાં માસથી સૂની પડેલી સ્કૂલોમાં પણ વસંત પ્રગટી હોય એવો માહોલ સર્જાયો છે. ભૂંડીને ભેંકાર ભાસતી ખાલીખમ સ્કૂલો વિદ્યાર્થીઓના આગમનથી ધમધમવા લાગી છે. કુમળા કલશોરથી ગુંજવા ને ગમવા લાગી છે. શિક્ષણની આ અપૂર્વ ઘટનાના વસંત સાથે વધામણાં કરવા રહ્યા.

પ્રકૃત્તિમાં પાનખર પછી વસંતની ફૂંપળ ફૂટે...એમ સેલ્ફફાઈનાન્સ સ્કુલોની ફી અંગેના વાદ-વિવાદ વચ્ચે પણ ભણતર શરુ થયું તેને સકારાત્મક રીતે જોવું રહ્યું.ફી વાળી ને ફી વગરની સ્કૂલો પણ છે. બાળકને વાલીની અપેક્ષા મુજબ'હોંશિયારક્લબનાવી દેવાનો કીમિયો કોઈ સ્કૂલ પાસે નથી.આપણે ત્યાં કહેવત છેઃ કૂવામાં હોયતો હવાડામાં આવે.પણ તેમાં સુધારો થયો છે,કૂવામાં હોય એવું હવાડામાં આવે ! બોરડીને ગમે ત્યાં વાવો તેમાં બોર જ આવે,કેરી ન આવે. હોંશિયાર થવાનું ઘણુંખરું સ્કૂલ નહી,બાળક આધારિત હોય છે.

પણ ખારા સમંદર વચ્ચે મીઠી વીરડી હોય છે. સેલ્ફફાઈનાન્સ સ્કુલોની ફી અને સ્કૂલોના શિક્ષકોના પગાર અંગેના ડહોળાયેલા વાતાવરણ વચ્ચે,એક સંચાલકે આ કપરાકાળમાં લોન લઈને પણ સ્કૂલને પ્રવૃત્તિમય રાખી, શિક્ષકોના પગાર ચૂકવ્યાની ઉજળી ઘટનાનો ઉલ્લેખ કર્યા વગર પોસાય એવું નથી.

પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ,ભાણવડ જિ.જામનગરના સંચાલક ભીમશીભાઈ કરમુરે,આ લોકડાઉન દર મ્યાન બે પ્રકારની લોન લઈને તેમની સંસ્થાના શિક્ષકોને પગાર ચૂકવ્યો.આર્થિક ઉપાર્જનના ઉદેશ્ય વગર માત્ર શૌર્ય,શિક્ષણ ને સંસ્કાર ઘડતર માટે કાર્યરત સંસ્થાના કર્મઠ સંચાલક ભીમશીભાઈને ચિંતા હતી એમનાં વિદ્યાર્થીઓના ભાવિની.ભારતના ભાવિ ઘડતર,ગણતરમાં કચાશ ન રહે તેની.તે માટે આર્થિક સમસ્યાનો સામનો કરવા તૈયાર હતા.કપરા કાળમાં એક પણ શિક્ષકને છૂટા ન કર્યા.વળી શિક્ષકો કામ વગર નવરા બેસીન રહે,યોગ્ય પ્રવૃત્તિ મળી રહે એવું આયોજન કરવામાં આવ્યું.સામે શિક્ષકોનું સમર્પણ પણ જરાય ઓછું નહોતું.તેઓ પગાર વગર પણ કામ કરવા ઈચ્છતા હતા. તેથી ઓનલાઈન એજ્યુકેશન સારી રીતે સંપન્ન થતું રહ્યું. વળી વાલી-વિદ્યાર્થીઓને વિશ્વાસમાં લઈ, ફી ભરી ન શકતા હોય એવા વિદ્યાર્થીઓનું પણ ઓન લાઈન એજ્યુકેશન ચાલુ રહ્યું.જે વિદ્યાર્થીઓના વાલી ફી ભરવા સક્ષમ ન હોય એવા વીસથી ત્રીસ ટકા વિદ્યાર્થીઓ, આ સંસ્થામાં વિનામૂલ્યે ભણે છે ને હોસ્ટેલમાં રહે છે.પરીક્ષાલક્ષી નહીં પરંતુ ખરા અર્થમાં સંસ્કાર ઘડતરનું કામ કરતી સંસ્થામાં જવાનો,જાતે જોવાનો પણ અવસર મળ્યો છે.જયારે ભીમશીભાઈના માતુશ્રી જાતે રાંધતા અને પીરસતાં હતાં ત્યારે થયું કે, કેટલાં વરસો પછી મારાં માના હાથ નો રોટલો ખાય રહ્યો છું ! માતાઓને વંદન માટેના શબ્દો ટૂંકા પડે, માત્ર ભાવવંદના જ કરવાની હોય !

એક બાજુ સ્કૂલ ફીના મુદ્દે અવનવા સમાચાર પ્રગટ થતા રહે છે. બીજી બાજુ આવી પણ સ્કૂલો છે.

જે શિક્ષણને ધંધો નહીં પણ ધર્મ સમજે છે.અને ધર્મ એટલે ધજા-પતાકાવાળો નહીં પણ ખરો માનવધર્મ !

વસંતના આગમન વખતે સ્કૂલોના શૈક્ષણિક સત્રનો આરંભ થયો હોય એવો એક વસમી સદીનો પહેલો જ બનાવ હશે...જે હવે છેલ્લો હોવો જોઈએ. આવો આપત્તિ કાળતો ક્યારેય આવવો ન જોઈએ.

આ પ્રકૃત્તિ, શિક્ષણ અને સંસ્કારની વસંત વનની સાથે, મનમાં પણ વસે... તેના ઓવારણાં લેવા ને વધામણાં કરવા તત્પર રહીએ !

**છેલ્લે :**

જિંદગી શેષ છે તેથી જ વિશેષ છે. બાકી બધા માત્ર અવશેષ છે.

# ચાલો, માતૃભાષાનું ગૌરવગાન કરીએ

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

આજે ૨૧, ફેબ્રુઆરી એટલે વિશ્વ માતૃભાષા દિવસ. આજે માતૃભાષાનું મહત્વ ખુબ વધ્યું છે. કેમ કે કોઈપણ રાજય કે પ્રદેશની સંસ્કૃતિ એની માતૃભાષા થકી જીવિત રહેતી હોય છે. એમાં રચાતું સાહિત્ય તત્કાલીન સમાજની છવિ દર્શાવતું હોય છે.

ગુજરાતી આપણી માતૃભાષા છે અને આપણને સૌને ગુજરાતી બોલવું વાંચવું ગમે છે. ગુજરાતી હોવાનું ગૌરવ આપણને સૌને છે. કેમ કે આપણા સૌના સંસ્કાર, વિચાર, આચાર સઘળું ગુજરાતી છે. આપણે જે દેશ્યો કે સપના જોઈએ છીએ તે ગુજરાતી છે. આપણે જે કાન દ્વારા સાંભળીએ છીએ તેનો પ્રથમ અર્થ ગુજરાતી જ હોય છે. આપણને કોઇ સ્પર્શ કરે તો એની અનુભૂતિ પણ ગુજરાતી જ થાય છે. અને આપણે ય સૌને ગુજરાતી જ સ્પર્શ કરીએ છીએ. આપણી આસપાસની કે દૂર દૂરની દુનિયા પણ ગુજરાતી જ છે. આપણને આ પૃથ્વી, આકાશ, ચન્દ્ર, સૂર્ય, તારાઓ, અંધકાર, વરસાદ, પાણી, હવા, ગ્રહો, દેવી-દેવતા, અને આખું બ્રહ્માંડ... બધુ જ ગુજરાતી જ લાગે છે. કેમ કે આપણી નશોમાં જે લાલ રક્ત વહે છે તે પણ ગુજરાતી છે.

મિત્રો, ખરેખર આ ''ગુજરાતી'' શું છે ? એ આપણે સમજીએ છીએ ખરા ? એને આપણે માત્ર ભાષાના અર્થમાં બાંધી દઈને એના અર્થને સીમિત તો નહી બનાવી રહ્યા ને ? યુગો પહેલા ગૂર્જરધરા પર વસવાટ કરનાર આર્યો અને એ ધરતીના હવા પાણીના સંસ્કાર શ્વાસમાં વણીને જીવતા આપણે ગૂર્જરવાસી – ગુજરાતી થયા આપણા સંસ્કારથી, આપણા સૌનું ડીએનએ ગુજરાતી છે. ભાષા તો આપણા રોજિંદા વ્યવહારનો એકમાત્ર ભાગ છે. વિચાર, સંસ્કાર, નીતિ, રીતિ આ બધુ સુયોગ્ય રીતે મળે છે ત્યારે ગુજરાતી બને છે. એ જ છે ગુજરાતીનું ગૌરવગાન.

માનવજાતના સ્વભાવની જેમ ધરતીના પ્રત્યેક ભૂભાગનો, ત્યાંની પ્રકૃતિનો પણ એક સ્વભાવ હોય છે. એવી રીતે આપણી આ ધરતી પણ યુગો પહેલા આપણા પ્રદાદાઓના પ્રદાદાઓ અને એમના યે પૂર્વજો જ્યારે સભ્ય માનવસંસ્કૃતિમાં પ્રવેશ્યા ત્યારથી આ ધરાની એક આગવી ઓળખ બની છે. અને એ ઓળખ આજે આખા વિશ્વમાં ગુજરાતી તરીકે પ્રસરી છે.

ભાષાની રીતે પણ ગુજરાતી ગૌરવશીલ છે. કેમ કે સંસ્કૃત, હિંદી, ફારસી, પર્સિયન અને ઉર્દૂની જેમ ગુજરાતી ભાષા પણ પૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે. એના ઉચ્ચારણોથી સકારાત્મક પ્રભાવ આપણા શરીરના આરોગ્ય ઉપર પડે છે. વિશ્વની મહાન ભાષાઓમાં જેને મૂકી શકાય એવી ગુજરાતી ભાષાનું સાહિત્ય પણ વિશ્વની પ્રત્યેક ભાષામાં પહોંચ્યું છે. એ જ આપણી ભાષાની સિદ્ધિ અને ગરિમા બતાવે છે. પરંતુ આજે આપણી ગુજરાતી ભાષા અને બીજી પ્રાંતિય ભાષાઓ લૂપ્ત થઇ રહી છે. અંગ્રેજીના આક્રમણની સામે માતૃભાષાના અસ્તિત્વને ખતરો છે. આવી બધી વાતો ખાનગી અને સરકારી રીતે વર્ષોથી થઇ રહી છે અને થતી રહેશે. કેમ કે એનાથી બીજા ઘણા રાજકીય લાભો લેવાતા હોય છે. પણ જેના ભાષકો છ કરોડથી યે વધુ હોય, જે ભાષામાં ભગવતગોમંડળથી લઇને બીજા અનેક દળદાર શબ્દકોશો હોય, જે ભાષાના ૬૦૦ વર્ષ પહેલાના આદ્યકવિ નરસિંહ મહેતાના પદો, ભજનો ઉપર વિદેશી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી થતા હોય, જે ભાષામાં એક તરફ નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મુનશી, પન્નાલાલ, રમેશ પારેખ, રાજેન્દ્ર શુકલ જેવા અનેક ઉત્તમ સર્જકો હોય એ ભાષાના અસ્તિત્વને કોઇ આંચ આવવાની નથી. વ્યવહારમાં વપરાતી પ્રવાહી ભાષા હંમેશાં સમૃદ્ધ થતી હોય છે. કેમ કે જે તે ભાષાના ભાષકો અનેક પ્રદેશોમાં વેપારાર્થે, વ્યવહારાર્થે કે સામાજિક કારણે અન્ય ભાષી પ્રદેશોમાં જતા – આવતા હોય છે તેથી અનેક નવા શબ્દો આપણી ભાષામાં પ્રવેશીને સ્થાયી થયા છે. આપણા પોતિકા બની ગયા છે.

ભાષા તો ધસમસતી વહેતી નિર્મળ નદી જેવી છે. જે અનેક અંતરાયો પાર કરીને વિશાળ જનસમૂદાયના મહાસાગરમાં ભળી જતી હોય છે. પરંતુ આજે ભાષા સંદર્ભે ભય ઊભો કરવામાં આવે છે. ભાષાને ધીમે ધીમે રાજકીય રંગે રંગવાના પ્રયત્ન થઇ રહ્યા છે. આપણી ગુજરાતી ભાષા એકદમ યુવાન, સુંદર, તરોતાજા અને સ્વસ્થ હોવા છતાંય ઘણા વિદ્વાનો ભાષા માંદી પડી છે. ભાષા મરી રહી છે, લૂપ્ત થઇ રહી છે એવા વિધાનો જાહેરમાં કરીને ભાષા સંદર્ભે ભય ઉભો કરે છે. કોઈને માતૃભાષામાં અનેક રહસ્યો લાગે છે. કોઇ કહે છે કે ''ળ'' અને ''ણ'' લૂપ્ત થઈ જશે. કોઈને પરભાષાના શબ્દો સામે વિરોધ છે આવા લોકો માને છે કે પરભાષાના શબ્દો આપણી ભાષામાં ઘર કરી ગયા છે. તો કોઈને જુદી જુદી રીતે ઉચ્ચારાતી બોલીઓ સામે પ્રશ્નો છે. પરંતુ ભાષા એ કાંઇ કોઈની જાગીર નથી કે કોઈની સીમિત સમજણને આધીન નથી. ભાષા સંદર્ભે જાહેરમાં વિધાનો કે વિરોધ કરવા માટે એક પ્રકારની ભાષાકીય સઙ્ગતા અને વૈશ્વિક ભાષાઓના સંપૂર્ણ જ્ઞાનથી સઙ્ગ પણ હોવું જરૂરી છે. માત્ર વિધાનો કરી દેવાથી તો આપણે જ આપણી માતૃભાષાનું ગૌરવ ઓછું કરીએ છીએ. ભાષા એ કાંઇ શબ્દોનું સીમિત સરોવર નથી. ધસમસતી વહેતી નદીનો પ્રવાહ છે.

આજે માતૃભાષાને લઇને અનેક સંગઠનો, સંસ્થાઓ દ્વારા સંશોધનો, પ્રવૃત્તિઓ, મેળાવડાઓ, અભિયાનો, કાર્યક્રમો થાય છે. તે આમ જોઇએ તો સારી વાત છે આ જ બધુ ભાષાની સમૃદ્ધિ બતાવે છે. ભાષાનો મહિમા થવો જ જોઇએ. પરંતુ એક પ્રશ્ન એ પણ થાય છે કે શું આમ જ ભાષા જીવે છે ? આપણે સ્વતંત્ર થયાને તો હજી માંડ ૭૦ વર્ષ થયા છે તે અગાઉ અંગ્રેજો અને મોગલોનું રાજ હોવા છતાય ૬૦૦ વર્ષથી બોલાતી – લખાતી આપણી ગુજરાતી ભાષા લૂપ્ત થઇ નથી. માંદી પડી નથી. તો હવે તો ઈન્ટરનેટના આ હાઈટેક યુગમાં આપણી ભાષા કેવી રીતે લૂપ્ત થાય ? આજે તો ભાષા સાચવવાના, વિકાસ કરવાના અનેક સંશાધનો છે. જ્ઞાન પ્રાપ્તિના અનેક ઉચ્ચ વિકલ્પો છે. સર્જન કરવાના અનેક સંકલ્પો, સવલતો અને સઙ્ગતા છે. તો ભાષાને કેવી રીતે કંઇ થાય ? વળી ભાષા એટલે શું ? એની સમજની પણ ગેરસમજો પ્રવર્તે છે. ક્યાંક ભાષાને નામે માત્ર મુશાયરાઓ, કવિસંમેલનો જ થયા કરે છે તો ક્યાંક માત્ર નાટકો જ ભજવાય છે કયાંક માત્ર વ્યાકરણને જ ભાષા માની લેવામાં આવે છે. તો વળે ક્યાંક યુનિવર્સિટીઓમાં માત્ર ભાષાવિજ્ઞાનને જ ભાષા માની લેવામાં આવે છે. શું આ બધી વિવિધ સંકૂચિતતા યોગ્ય છે ખરી ? શું એવું નથી લાગતું કે આપણે જ આપણી માતૃભાષાના સૌન્દર્યને સીમિત બનાવી રહ્યા છીએ. આજે એકપણ સંસ્થા, સંગઠન કે કૉલેજ કે યુનિવર્સિટીઓ એવા નથી કે ભાષાના તમામ પાસાઓ પર કામ કરતા હોય.

ભાષાશુદ્ધિ માટે વ્યાકરણ જેટલું જરૂરી છે એટલું જ ભાષાની અનુભૂતિ કેળવવા માટે પદ્યનું કે ગદ્યનું સર્જન અને એની સમજણ પણ મહત્વના છે. આપણે જ્યારે ભાષાના અસ્તિત્વની વાત કરીએ છીએ ત્યારે જે ભાષા બોલાય છે માત્ર તેની વાત નથી કરતા. પણ જે બોલાય છે, લખાય છે એની પણ વાત કરીએ છીએ. તો જે લખાય છે છપાય છે એ તો સાહિત્ય છે. જેમાં કવિતા, વાર્તા, નાટક, નવલકથા, વિવેચન આ બધુ આવે છે અને આ બધાને કારણે જ ભાષાનો આત્મા સુશોભિત રહે છે. ભાષાશુદ્ધિ હશે પણ એમાં રહેલો વિચાર કે સંવેદના મલિન હશે તો ? ભાષાનું સર્જનાત્મકરૂપ જ ભાષાને સાચું ગૌરવ અર્પે છે. વિશ્વ સમક્ષ ભાષાની ઓળખ - પ્રતિષ્ઠા વ્યાકરણથી નહી અપિતુ એમાં સર્જાતાં સાહિત્યથી બને છે. આપણી ભાષામાં એવા અનેક મહાન સર્જકો – કવિઓ છે જેમને પૂરતું વ્યાકરણ નથી આવડતું પણ સર્જક તરીકે તેમનું સર્જન અનેક ભાષાઓમાં પોખાયું છે. સ્વીકારાયું છે. પરંતુ આપણે ત્યાં માત્ર ભાષાશુદ્ધિને જ ''ગુજરાતી માતૃભાષા'' માની લેવામાં આવે છે. ભાષાશુદ્ધિ અવશ્ય જરૂરી છે જ. એનાથી ભાષાની અર્થસમૃદ્ધિ સૌદર્યવાન રહે છે. પરંતુ આપણે માતૃભાષાનું ગૌરવ વધારવા એના વ્યાપને, એના ઊંડાણને સમજીને એને વિસ્તારવી પડશે. કેમ કે માતૃભાષા દરેક ક્ષેત્રમાં ઉપયોગી છે. સાહિત્યિક રીતે, સામાજિક રીતે બોલાતી ભાષા, વેપાર ઉદ્યોગની ભાષા, મીડિયા - પત્રકારિત્વની ભાષા, ગ્રામીણ બોલીઓ કે લોકભાષાઓ, આદિવાસી કે વંચિતો કે શોષિતોની ભાષા, આપણી માતૃભાષાના આવા અનેક રંગરૂપો છે. અનેક લહેરો છે, કોઇપણ વ્યક્તિ સાહિત્યની ઉત્તમ કૃતિ વાંચીને જ માતૃભાષાના પ્રેમમાં પડે છે. ભાષા એ કાંઇ માત્ર લિપિ નથી. ''અ''થી '' જ્ઞ'' સુધીના મૂળાક્ષરો જ નથી. પણ ભાષા એ સમગ્ર પ્રદેશનો પ્રાણ છે, આદર્શ છે, દુનિયાની કોઇપણ ભાષાનું આક્રમણ આપણી ગુજરાતીને હરાવી કે હંફાવી શકે એમ નથી. આજે ગુજરાતી ભાષાના અનેક શબ્દોનો ધ્વજ વિશ્વની અનેક ભાષાના શબ્દકોશોમાં લહેરાઈ રહ્યો છે. એનાથી બીજું મોટું ગૌરવ કયું હોઇ શકે ?

આવો, આપણે સૌ સાથે મળીને, નાત જાત, ધર્મ, રાજનીતિ બધુ એક તરફ રાખીને માત્ર ગુજરાતી હોવાનું ગૌરવ લઈને ગુજરાતી ભાષા સાહિત્યનું સન્માન કરીએ. હું મારી જ ગુજરાતી કવિતામાં કહું તો...

**''હું ગુજરાતી તું ગુજરાતી આપણ સૌનું તળ ગુજરાતી**
**રગ રગ વહેતા રક્તકણોમાં ધમકે છે તે બળ ગુજરાતી''**

- 9426060601.india@gmail.com

# '...ક્યા કહેંગે લોગ ?!'

**રગઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

ડીતા વાન તીસે નામના ચિંતકનું એક સરસ ક્વોટ છે કે 'તમે દુનિયાના સૌથી ખૂબસૂરત વ્યક્તિ હોવ તો પણ ક્યાક તમને એવા ચાર લોકો મળી જ જવાના કે જેમને તમે પસંદ નહી આવો'. આ હકીકત છે, વાસ્તવિકતા છે. ગમે એટલા સક્ષમ હોવ કે ક્ષમતાવાન હોવ છતાં પણ 'લૉગ તો કુછ કહેંગે હી' અને થાય છે એવું કે 'લૉગ ક્યાં કહેંગે' ની બીકે ક્ષમતા હોવા છ્તા પણ નાસીપાસ થનાર કે પીછેહઠ કરનાર લોકો પણ જગતમાં મળી રહે છે. આ 'સબસે બડા રોગ' ને લીધે અજીબ માનસિક સ્થિતિઓ નિર્માણ થતી હોય છે. આ પહેરીશ તો લોકો શું કહેશે ?... આમ કરીશ તો લોકો શું કહેશે ?... આમ જઈશ તો લોકો શું કહેશે ?... આમ નહીં કરું તો લોકો શું કહેશે ?...આમ કરીશ તો લોકો શું કહેશે ?... આવું બોલીશ તો લોકો શું કહેશે ?...આવું નહીં બોલું તો લોકો શું કહેશે ?...ઓહહ લિસ્ટ લાંબુ થઈ શકે એમ છે પણ આખીએ વાતનો લ.સા.અ. એક જ નીકળે છે કે 'લૉગ ક્યાં કહેંગે ?' પણ કૌન હૈ યે લૉગ ? લેટ્સ ચેક...!

'કુછ તો લૉગ કહેંગે... લોગો કા કામ હૈ કહેના... છોડો બેકાર કી બાતો મે કહી બીત ના જાયે રૈના....' કિશોરના મસ્ત અવાજમાં ગવાયેલું આ ગીત આ 'લૉગ ક્યાં કહેંગે' જેવી સિચ્યુએશનનું અકસીર વેક્સિન છે. યસ, કુછ તો લૉગ કહેંગે... કહેશે જ બકા કેમકે લોકોનું કામ જ છે કહેવાનું... સંભળાવવાનું... બોલવાનું...! પણ એટ્લે કઈ આપણે ધારેલું કામ કે વાત કે વર્તન બદલાવી થોડું નખાય ? હા એ અલગ વાત છે કે કોઈ વાત - વર્તન કે કાર્ય માટે કોઈનો ઓપીનિયન માંગીએ તો એને આ ' કુછ તો..' ની શ્રેણીમાં ના મૂકી શકાય પણ લૉગ ક્યાં કહેંગે ની બીકે બેસી રહેવું કે મુલતવી રાખવું પણ નોટ ગુડ ના...! ઘણીવાર થાય છે શું કે 'લૉગ ક્યાં કહેંગે' એના વિષે લોકો કહે એ પહેલા આપણે વિચારવા માંડીએ છીએ અને રિઝલ્ટ...? રિઝ્લ્ટ્મા મોટ